# ગરીબી નાબુદી સૌથી મોટો પડકાર : રાષ્ટ્રપતિ

## સંસદના ઐતિહાસિક સંયુક્ત સત્રને પ્રણવ મુખર્જીનું સંબોધન



નવી દિલ્હી,તા. ૯

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ આજે સંસદના ઐતિહાસિક સંયુક્ત સત્રને સંબોધતા નવી મોદી સરકારની તમામ પ્રાથમિકતાઓ રજૂ કરી હતી. રાષ્ટ્રપતિએ તેમના સંબોધનમાં સાફ શબ્દોમાં કહ્યું હતું કે દેશમાં ગરીબી નાબુદી સૌથી મોટો પડકાર છે. ગરીબીને દુર કરવા માટે સરકાર બનતા તમામ પ્રયાસો કરાશે. રાષ્ટ્રપતિએ તેમણે તેમના ભાષણમાં નરેન્દ્ર મોદી સરકારની ભાવિ પ્રાથમિકતાઓ રજૂ કરી હતી. જેમાં ભાવ વધારા અને ફુગાવાને કાબુમાં લેવા ઉપરાંત સર્વાંગી વિકાસનો સમાવેશ થાય છે. મોદી સરકારની પ્રાથમિકતાઓમાં રોજગારને વધારવાની બાબતનો પણ સમાવેશ થાય છે. વિકાસને પાટા ઉપર લાવવા, પારદર્શક અને સ્વચ્છ પર્યાવરણ અને આતંકવાદના મુદ્દે કોઈ બાંધછોડ નહીં કરવાની મોદી સરકારે નિર્ણય કર્યો છે. રાષ્ટ્રપતિએ તેમના સંબંધોમાં આ તમામ બાબતનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે જાપાનની સાથે ટેકનોલોજીના સંબંધ મજબુત કરવામાં આવશે. આ ઉપરાંત ૨૦૧૫માં પ્રવાસી દિવસની ઉજવણી કરવામાં આવસે. સરકાર વન રેન્ક વન પેન્સનને અમલી બનાવવટે કટિબદ્ધ છે. નેશનલ વોર મેમોરિયલની રચના કરીને દેશના શહીદોને સન્માન આપવામાં આવશે. વીઝળીના ઉત્પાદનને વધારવા ઉપર ખાસ ભાર મુકવામાં આવશે. ઉર્જાના બિન પંરપરાગત સોર્સ પર ખાસ બાર મુકવામાં આવશે. દરિયા ગાઠાની સુરક્ષા માટે નેશનલ મેરિટાઈમ ઓથોરિટીની રચના કરવામાં આવશે.ચીનની સાથે વ્યુહાત્મક સંબંધોને વધુ મજબુત કરવા માટે સરકાર કટિબદ્ધ છે. રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે સેના પર અમને ગર્વ છે. સેનાના આધુનિકીકરણ પર ખાસ ધ્યાન આપવામાં આવશે. સેનાના જવાનોના હિતોને ધ્યાનમાં લેવામાં આવશે. નેશનલ મિશન ઓફ હિમાલયની શરૂઆત કરવામાં આવશે. દરેક દેશની સાથે સારા સંબંધ માટે ભારત કટિબદ્ધ છે. ભારતીય સસ્કૃતિ અને ભાષાઓના વિકાસ પર ખાસ ધ્યાન અપાશે. ઈ ભાષા મિશન લોંચ કરવામાં આવશે. ત્રાસવાદ અને માઓવાદને ચલાવી લેવાશે નહી. સરકાર ત્રાસવાદ સામે કઠોર રીતે કામ કરશે. કોમી હિંસા અને માોવાદી હિંસાને રોકવાના પ્રયાસો કરાશે. ગ્રામીણ વિકાસ પર ધ્યાન આપવામાં આવશે. ભ્રષ્ટાચારને રોકવાને સર્વોચ્ચ પ્રાથમિકતા અપાશે. મહિલાઓની સામે ગુનાઓને ચલાવી લેવાશે નહી. કાળા નાણાને પરત લાવવા પર નક્કર પગલા લેવાશે.ન્યાયિક પ્રક્રિયાને વધુ ઝડપી બનાવાશે. મહિલાઓને ૩૩ ટકા અનામતના મુદ્દે પણ કામ કરવામાં આવશે. તમામ માટે આરોગ્યની સેવાને પણ પ્રાથમિકતા અપાશે. રાષ્ટ્રપતિ દ્વારા આપવામાં આવેલા અંગ્રેજીના ભાષણનું ઉપરાષ્ટ્રપતિ હમીદ અંસારીએ હિન્દીમાં અનુવાદ કરીને રજૂઆત કરી હતી. દેશના લોકોમાં નવી આશા પણ દેખાઈ રહી છે. મોદી સરકારે પ્રાચીન સાહિત્યના સંરક્ષણ ઉપર ભાર મુક્યો છે. ટેકસના નિયમોને વધુ સરળ બનાવવા, હાઈસ્પીડ ટ્રેન દોડાવવા, લઘુઉદ્યોગોને પ્રોત્સાહન આપવા, રેલવે અને હાઈવે વિકાસની મહત્વકાંક્ષી યોજનાઓનો સમાવેશ થાય છે. વિશ્વસ્તરની સુવિધાઓ ધરાવતા ૧૦૦ શહેરના નિર્માણની પણ આમાં વાત કરવામાં આવી છે.

## ગો એર તેની ક્ષમતાને ૨૧ ટકા સુધી વધારવા ઈચ્છુક

મુંબઈ,તા. ૯

વાડિયા ગ્રુપની માલિકીના બજેટ કેરિયર ગો એરની ક્ષમતામાં ૨૧ ટકા સુધીનો વધારો કરવાની તૈયારી હાથ ધરવામાં આવી છે. ગો એર આગામી દિવસોમાં તેના રૂટ નેટવર્કને વધુ વિસ્તૃત બનાવવા ઈચ્છુક છે. સાથે સાથે નોન મેટ્રો શહેરોમાં નેટવર્કને ફેલાવવાની યોજના ધરાવે છે. ગો એરના મુખ્ય કારોબારી જ્યોર્જિયો ડી રોનીએ કહ્યું હતું કે અમે ક્ષમતા ૨૧ સુધી વધારવાની યોજના ધરાવીએ છીએ. મેટ્રો અને નોન મેટ્રો શહેરોમાં તેની સર્વિસને વધુ વિસ્તૃત બનાવાશે. વર્તમાન નાણાંકીય વર્ષમાં ૮.૫ મિલિયન સીટની ઓફર



કરવામાં આવનાર છે. તેમણે કહ્યું હતું કે આ ટાર્ગેટને હાંસલ કરવા માટે એરલાઈન નવી વ્યુહરચના અપનાવશે. વીઝન ૨૦૧૫ને ધ્યાનમાં લઈને નીતી અપનાવવામાં આવી છે. વિઝન ૨૦૧૫ના ભાગરૂપે સૌથી સસ્તામાં અને આકર્ષક રીતે ભાડાની ઓફર કરવામાં આવનાર છે.

મેટ્રો એરપોર્ટ અને ટાયર બે અને ટાયર ત્રણ શહેરોને વ્યુહરચનાના ભાગરૂપે આવરી લેવામાં આવશે. ગો એર ખુબ હેલ્થી ટ્રાફિક ગ્રોથ ૧૨.૫ ટકા અને ૧૪.૬ ટકાનો ધરાવે છે. વર્ષ ૨૦૧૪-૧૫ના નાણાંકીય વર્ષના પ્રથમ બે મહિના દરમિયાન ગ્રોથ રેટ ખુબ હેલ્થી રહેતા નવી આશા જાગી છે. તેની માર્કેટ હિસ્સેદારીને જાળવી રાખવા અને વધારવામાં તે ઉપયોગી બની શકે છે. અત્રે નોંધનીય છે કે ગોર એર ૨૧ સ્થાનિક સ્થળો પર એક સપ્તાહમાં ૯૦૦થી વધારે ફ્લાઈટ ઓપરેટ કરે છે. તેની પાસે ૧૯ વિમાનોનો કાફલો છે. જુલાઈ મહિનામાં તે વદુ એક વિમાન ઉમરે તેવી શક્યતા છે. ઉપરાંત ગો એરે ૭૨ એનઈઓ એરબસ વિમાન માટેનો ઓર્ડર આપેલો છે. આ તમામ વિમાનોની ડિલિવરી ૨૦૧૬-૨૦૨૦ વચ્ચે થાય તેવી શક્યતા છે.

## પાકિસ્તાન : કરાચી વિમાનીમથક ઉપર ભીષણ હુમલો, ૩૦નાં મોત

કરાચી,તા. ૦૯

પાકિસ્તાનના કરાચી શહેરમાં ઝીણા આંતરાષ્ટ્રીય વિમાનીમથક પર ત્રાસવાદીઓ દ્વારા કરવામાં આવેલા ભીષણ હુમલામાં ૩૦ લોકોના મોત થયા છે. માર્યા ગયેલા ૩૦ લોકોમાં ૧૦ ખુંખાર ત્રાસવાદીઓનો પણ સમાવેશ થાય છે. મોતનો આંકડો વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. પાકિસ્તાનમાં ફરી એકવાર ત્રાસવાદીઓ ખતરનાક હુમલો કરવામાં આજે સફળ રહ્યા હતા. વિમાનીમથક પર હુમલો કરવામાં આવ્યા બાદ લોકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. ભારે અંધાધુંધી જોવા મળી હતી. હુમલા બાદ ઓપરેશનનો હવે અંત આવી ગયો છે. સુરક્ષા દળોને એરપોર્ટ પર અંકુશ મેળવીને તમામ ત્રાસવાદીઓને મોતનો ઘાટ ઉતારી દીધા છે. ટીવી અહેવાલામાં દાવો કરવામાં આવ્યો છે કે હુમલાની જવાબદારી પાકિસ્તાની તાલિબાને સંગઠને સ્વીકારી છે. માર્યા ગયેલા ત્રાસવાદીઓની ઓળખ કરવા તમામના ડીએનએ ટેસ્ટ કરવામાં



આવી રહ્યા છે. પાકિસ્તાની મિડિયામાં જણાવવામાં આવ્યું છે કે ત્રાસવાદીઓએ તેમની સાથે મોટી માત્રામાં હથિયારો અને ખાવા પીવાની ચીજ વસ્તુઓ સાથે લઈને આવ્યા હતા. આનાથી સાબિત થાય છે કે તેમનો ઈરાદો લાંબા સમય સુધી આતંક મચાવવાનો હતો. રોકેટ લોન્ચર, ગ્રેનેડ અને હથિયારોથી સજ્જ ત્રાસવાદીઓએ જોરદાર હુમલો કર્યો હતો. આ હુમલામાં અન્ય ૨૨ લોકો ઘાયલ થયા છે. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આ અગાઉ વિમાનીમથકે કરવામાં આવેલા હુમલામાં અનેક વિમાનોને પણ નુકસાનના અહેવાલ આવ્યા હતા. જો કે પાકિસ્તાની સેનાના મેજન જનરલ અસીમ બાજવાએ કહ્યું હતું કે કોઈ પણ વિમાને નુકસાન થયું નથી. તેમણે કહ્યું હતું કે આગની જવાળા વિમાનીમથકની એક ઈમારતમાં ગ્રેનેડ હુમલાના કારણે દેખાઈ હતી.અત્રે ઉલ્લેખનીય છે કે વિમાનીમથકના જુના ટર્મિનલ પર ૧૦ ત્રાસવાદીઓએ ઘુસી ગયા બાદ જોરદાર ગોળીબાર કર્યો હતો. ભારે ગોળીબાર કરવામાં આવ્યા બાદ સૈનાના જવાનોએ તરત જ મોરચા સંભાળી લીધા હતા. આ હુમલો એરપોર્ટના ટર્મિનલ એક પર કરવામાં આવ્યો હતો. હુમલો કરવામાં આવ્યા બાદ વિમામથકની તરફ જતા રોડને બંધ કરી દેવાંમાં આવ્યો હતો. સમગ્ર વિમાનીમથકને સીલ કરીને કાર્યવાગી હાથ ધરવામાં આવી હતી.

સેનાની સાથે પોલીસે પણ મોરચા સંભાળી લીધા હતા. એમ માનવામાં આવે છે કે ત્રાસવાદીઓ પાકિસ્તાની સુરક્ષા દળના બનાવટી આઈ કાર્ડ લઈને વિમાનીમથકમાં ઘુસી ગયા હતા. આ હુમલો હજ અને વીવીઆઈપી યાત્રીઓને ટાર્ગેટ બનાવીને કરવામાં આવ્યો હતો.

## કરાંચી હુમલા માટે નરેન્દ્ર મોદી જવાબદાર : સઈદ

કરાંચી, તા.૦૯

પાકિસ્તાનના કરાંચી વિમાની મથક ઉપર કરવામાં આવેલા ભીષણ આતંકવાદી હુમલાના સંદર્ભમાં સોશયલ નેટવર્કીંગ સાઈટ ઉપર આશ્ચર્યજનક અહેવાલો આપવામાં આવી રહ્યા છે. ટ્વીટર અને ફેસબુક ઉપર આ હુમલાના સંદર્ભમાં લોકો આશ્ચર્યજનક માહિતી આપી રહ્યા છે. કેટલાક ટ્વીટમાં જણાવાયું છે કે, આતંકવાદીઓ પાસેથી ભારતમાં બનેલા હથિયારો મળી આવ્યા છે અને તેમના પર સંસ્કૃતમાં મોદી નામ લખવામાં આવ્યું છે. દરમિયાન જમાત ઉદ દાવાના પ્રમુખ અને ખતરનાક આતંકવાદી હાફિઝ સઈદે કહ્યું છે કે, આ હુમલા માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જવાબદાર છે. મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ ગણાતા સઈદે ટ્વીટર પર કહ્યું છે કે, મોદીની નવી સુરક્ષા ટીમ કરાંચી એરપોર્ટ ઉપર હુમલા માટે જવાબદાર છે. સઈદે કહ્યું છે કે, પાકિસ્તાનને માહિતી હતી કે, તેના અસલી દુશ્મન તરીકે કોણ છે. ભારત પાસેથી ભેંટ સોગાદો લેવી જોઈએ નહીં. બીજી બાજુ પાકિસ્તાનના આતંકવાદી સંગઠન તહરીકે તાલિબાન પાકિસ્તાન દ્વારા આ હુમલાની જવાબદારી લેવામાં આવી છે. બીજી બાજુ ભારત પાકિસ્તાન વચ્ચે શાંતિ માટે કામ કરી રહેલા સંગઠન મિશન ભારતીયમના સભ્ય રવિ નિતેશે આ પ્રકારની પ્રતિક્રિયા આપતા જણાવ્યું છે કે, આવી પ્રતિક્રિયા શાંતિ પ્રક્રિયા માટે અડચણરૂપ બની શકે છે. કટ્ટરપંથી રાષ્ટ્રવાદ, કટ્ટરપંથી વિચારધારા અને બંને તરફના લોકો વચ્ચે ગેરસમજ નુકશાન કરી શકે છે. આ પ્રકારની બાબતોથી સંબંધો પર અસર ન થાય તેની નોંધ લેવી જોઈએ.


## સમાચાર ઝલક

- નોઇડામાં ભાજપ પ્રેરિત બંધને સફળતા.
- હૈદરાબાદના ૨૪ એન્જિનિયર વિદ્યાર્થીઓ હિમાચલ બંધના પાણીમાં તણાઇ ગયા, મંત્રી શ્રીમતી સ્મૃતિ ઇરાની તથા આંધ્ર-તેલંગણાના મંત્રીઓ ઘટના સ્થળે દોડી આવ્યા.
- ચંડીગઢમાં ૪ માળનું મકાન ધરાશાયી થતાં ૪નાં મોત અનેકને ઇજા.
- અમદાવાદ વિમાની મથકને આતંકી હુમલાથી સાવચેત રહેવા એલર્ટ કરાયું.
- શેરબજાર ખુલતાની સાથે ઐતિહાસિક સપાટી વધાવી.
- મધ્યપ્રદેશમાં શાળાનાં વિદ્યાર્થીઓને લેપટોપનું વિતરણ કરાશે.
- આણંદ-વિદ્યાનગરમાં બે કોલેજમાં વિદ્યાર્થીઓ ન મળતાં બંધ કરાઇ.
- દિલ્હીમાં વીજળી કાપની રાજકીય પક્ષોની રજૂઆતો, પ્રજા ત્રાહીમામ.
- વી.આઇ.પી.ની ગાડીઓ પર લાલ લાઇટ મામલે હાઇકોર્ટ સરકારને નોટીસ આપી.
- નરેન્દ્ર મોદી સરકારનો ૬૦ મહિનાનો એજન્ડા જાહેર કર્યો.
- સૌરાષ્ટ્રના યુવાનો હિમાલય પર્વત પર ટ્રેકિંગ કરતાં ફસાયા.
- ગુજરાત યુનિવર્સિટીમાં પ્રવેશ માટેનું સર્વરડાઉન થતાં હજારો વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં.
- અબુ સલેમના કેસ બાબતે કોર્ટનું કડક વલણ.
- નવી સરકાર - શાર્ક દેશોને મજબૂત કરવામાં આવશે.
- દિલ્હી-મુંબઇમાં ગરમીનો પ્રકોપ, દિલ્હીમાં ૬૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો.
- અમેરિકામાં ૬ કાર અથડાતાં અકસ્માતમાં ૩નાં મોત.
- મ્યુચલ ફંડમાં ૧૫ અબજનું રોકાણ કરાયું છે.
- ફિલ્મ અભિનેતા દિલીપકુમારની જીવનકથાનું વિમોચન કરાયું.
- રાષ્ટ્રીય પ્રશ્નોમાં રાજ્યોની સલાહ લેવામાં આવશે.
- મોડાસામાં વર્ગ-૪ના કોલેજ કર્મચારીઓ પગાર મુદ્દે હડતાળ પર.

## રિલાયન્સ દ્વારા ફ્રી નેશનલ રોમીંગની ઓફર

મુંબઈ,તા. ૦૯

રિલાયન્સ કોમ્યુનિકેશને આજે ફ્રી નેશનલ રોમીંગની ઓફર કરીને ફરી એકવાર ગળાકાપ સ્પર્ધા છેડી દીધી છે. ફ્રી નેશનલ રોમીંગના પરિણામ સ્વરૂપે ગ્રાહકોને મોટો ફાયદો થશે. કોર્પોરેટ, એસએમઈ, હાઈવેલ્યુ પોસ્ટપેઈડ અને પ્રીપેઈડ જીએસએમ ગ્રાહકોને આકર્ષિત કરવાના હેતુસર આ ઓફર કરવામાં આવી છે. રિલાયન્સ કોમ્યુનિકેશને એક યાદીમાં જણાવ્યું છે કે, વન ઈન્ડિયા વન રેટ પ્લાનના પરિણામ સ્વરૂપે હાઈવેલ્યુ કોર્પોરેટ અને એસએમઈ રોમીંગ સેગમેંટને આકર્ષિત કરવામાં મદદ મળશે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, કન્ઝ્યુમર બિઝનેસના મુખ્ય કારોબારી અધિકારી ગુરદીપસિંહે કહ્યું છે કે, લોકોને વધુ રાહત મળે તેવો અમારો હેતુ રહ્યો છે. વન ઈન્ડિયા વન રેટ પ્લાન હેઠળ કસ્ટમરોને તેમના હોમ પ્લાન ટેરીફ ઉપર ચાર્જ લાગુ થશે. ભારતમાં કોઈપણ જગ્યાએ રોમીંગ ઉપર હશે તો પણ તેમને હોમપ્લાન ટેરીફ લાગુ થશે. લોકલ એસટીડી અને રોમીંગ ચાર્જ વચ્ચે કોઈ અંતર રહેશે. આરકોમના વન ઈન્ડિયા વન રેટ પ્લાનથી ટેરીફ અંગેની અડચણોને દૂર કરી શકાશે. સાથે-સાથે રોમીંગના કસ્ટમરોને મોટો ફાયદો થશે. કંપનીનું કહેવું છે કે, આ ઓફરનો મતલબ એ છે કે, માત્ર વારંવાર દેશમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જતા લોકોને જ ફાયદો થશે નહીં બલ્કે આ યોજનાનો અન્યો પણ લાભ લઈ શકશે. વન ઈન્ડિયા વન રેટ પ્રીપેઈડ પ્લાન ૪૫ રૂપિયાથી શરૂ થાય છે જેમાં લોકલ, એસટીડી અને રોમીંગ આઉટ ગોઈંગ કોલ પ્રતિ મિનીટ ૪૦ પૈસા છે. જ્યારે ઈનકમીંગ રોમીંગ ફ્રી છે. પ્રીપેઈડ પ્લાન ૩૦ દિવસની વેલીડીટી ધરાવે છે.




## ટેલિફોન એક્સચેંજ : મારનની ટુંક સમયમાં જ પુછપરછ થશે

નવી દિલ્હી,તા. ૯

સીબીઆઈની ટીમ ગેરકાયદે ટેલિફોન એક્સચેંજ કેસના સંબંધમાં ભૂતપૂર્વ ટેલિકોમ પ્રધાન દયાનિધી મારન અને સન નેટવર્કના એમડી કલાનિધી મારનની પુછપરછ કરવાની તૈયારીમાં છે.સીબીઆઇના ડિરેક્ટર રણજીત સિંહાની ઓફિસ દ્વારા પુછપરછ અંગેના પેપરોને લીલીઝંડી આપી દીધી છે. સીબીઆઈની ચાર સભ્યોની ટીમ દ્વારા સન નેટવર્કના બે પૂર્વ કારોબારી હંસરાજ અને શરદ કુમારની પુછપરછ કરવામાં આવી ચુકી છે. સકસેનાની ૧૦ કલાકથી વધુ સમય સુધી પુછપરછ કરવામાં આવી હતી. જ્યારે કુમારની એક કલાક સુધી પુછપરછ કરાઈ હતી. ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં



સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં દયાનિધી મારના નામનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ચેન્નાઈમાં તેમના બોટ કલબ નિવાસસ્થાન પર ૩૨૩ હાઈ સ્પીડ બીએસએનએલ કેબલ ખેંચી લેવાનો તેમના પર આક્ષેપ મુકવામાં આવ્યો હતો. ગેરકાયદેરીતે કેબલ ખેંચવાનો તેમના પર આક્ષેપ કરવામાં આવ્યા બાદ ભારે હોબાળો મચી ગયો હતો. એ ગાળા દરમિયાન તેઓ વર્ષ ૨૦૦૭માં ટેલિકોમ પ્રધાન હતા. તેમના આવાસથી નેટવર્કના હેટક્વાર્ટસ ખાતે અંડરગ્રાઉન્ડ ઓપ્ટિક ફાઈબર કેબલ બિછાવીને સન નેટવર્કના કાર્યક્રમને અપલિંક કરવાનો આક્ષેપ તેમના પર કરવામાં આવ્યો હતો. તેમના સત્તાવાર હોદ્દાનો દુરુપયોગ કરવાનો તેમના પર આક્ષેપ કરવામાં આવ્યો હતો. સીબીઆઈના સુત્રોએ કહ્યું છે કે મારનની ટુંક સમયમાં પુછપરછ કરાશે. મારન બંધુઓની પુછપરછને લઈને ભારે ચર્ચા ચાલી રહી છે. જો કે તેમના સમર્થકો માને છે કે તેમની સામે કરવામાં આવેલા આક્ષેપ આધારવગરના છે. સન નેટવર્કના લોકોની હાલમાં પુછપરછ કરવામાં આવી ચુકી છે. હવે આ મામલે મારન બંધુઓની પુછપરછ કરવામાં આવનાર છે. તેમની ભૂમિકા અંગે પ્રશ્નો કરાશે

## બ્રહ્મોસ મિસાઈલનું INS કોલકત્તાથી પરિક્ષણ કરાયું

નવી દિલ્હી, તા.૦૯

ભારતે આજે અતિઆધુનિક અને સ્વદેશી યુદ્ધ જહાજ આઈએનએસ કોલકતાથી ૨૯૦ કિલોમીટરની રેન્જ ધરાવતી બ્રહ્મોસ સુપરસોનીક એન્ટીશીપ ક્રૂઝ મિસાઈલનું સફળ રીતે પરિક્ષણ કર્યું હતું. મઝગાંવ ડોકયાર્ડ લિમિટેડ દ્વારા નિર્મીત આઈએનએસ કોલકત્તાને નૌકાસેનામાં હજુ સુધી વિધિવત રીતે શામિલ કરવામાં આવી નથી. પરંતુ આઈએનએસ કોલકત્તા એક વખતમાં જ ૧૬ બ્રહ્મોસ મિસાઈલ લોન્ચ કરવાની ક્ષમતા ધરાવે છે. આ મિસાઈલનું આઈએનએસ કોલકત્તાથી પરિક્ષણ કરવામાં આવ્યું હતું. આઈએનએસ કોલકત્તા પ્રોજેકટ ૧૫-આલ્ફા સિરીઝ હેઠળની નવી મિસાઈલ છે. આ મિસાઈલના સંદર્ભમાં અધિકારીઓનું કહેવું છે કે, તેમાં તમામ સુવિધાઓ રહેલી છે દેશમાં યુદ્ધ જહાજની આ પ્રથમ ક્લાસ વોરશીપ પૈકીની એક તરીકે છે. આ મિસાઈલ આર્મી અને એરફોર્સમાં સામેલ કરવામાં આવી ચુકી છે.

## ઉત્તરાખંડ કેસ : ૧૭ પોલીસ જવાનોને આજીવન કારાવાસ

નવી દિલ્હી, તા.૦૯

દિલ્હી કોર્ટે એમબીએના વિદ્યાર્થીને મોતને ઘાટ ઉતારવાના મામલામાં આજે ૧૭ પોલીસ જવાનોને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, ખાસ સીબીઆઈ અદાલતે બનાવટી અથડામણમાં દહેરાદુનમાં ૨૨ વર્ષના વિદ્યાર્થીની ૨૦૦૯માં થયેલી હત્યાના મામલામાં ઉત્તરાખંડ પોલીસના ૧૮ જવાનોને ૬ જુનના દિવસે દોષીત ઠેરવ્યા હતા. ખાસ સીબીઆઈ જજ જેપીએ મલિકે ૧૮ પોલીસ જવાનોને દોષીત ઠેરવ્યા હતા. આ લોકો રણબીરસિંહ એનકાઉન્ટર કેસમાં સંડોવાયેલા હતા. આ એનકાઉન્ટરના લીધે ૨૦૦૯માં સમગ્ર ઉત્તરાખંડ હચમચી ઉઠ્યું હતું.સાત આરોપીઓમાં તત્કાલીન ઈન્સપેક્ટર સંતોષ જયસ્વાલ, સબ ઈન્સપેક્ટર ગોપાલ દત્ત ભટ્ટ, રાજેશ બીસત, નીરજકુમાર, નીતિન ચૌહાણ અને ચંદ્રમોહનને હત્યાના આરોપમાં દોષીત ઠેરવામાં આવ્યા હતા. જ્યારે ૧૦ને હત્યાના કાવતરા બદલ દોષીત ઠેરાવવામાં આવ્યા હતા. અન્ય એક પોલીસ જવાનને ખોટી માહિતી રજૂ કરવા બદલ દોષીત ઠેરાવવામાં આવ્યો હતો. આ કેસના સંદર્ભમાં સીબીઆઈ દ્વારા ૧૮



પોલીસ જવાનો સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. રણબીરસિંહની હત્યા બદલ તેમની ધરપકડ કરવામાં આવી હતી. તે ગુનાના પ્રયાસમાં છે તેવા બહાને ત્રીજી જુલાઈ ૨૦૦૯ના દિવસે ગાઝીયાબાદમાં એમબીએના વિદ્યાર્થી રણબીરસિંહની હત્યા કરી દેવામાં આવી હતી. રણબીરના પિતા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના આધાર ઉપર સુપ્રીમ કોર્ટ દ્વારા આ કેસ દિલ્હીમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. રણબીર દહેરાદુનમાં નોકરીની શોધમાં હતો એક દોષીત ગણીને તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. ભારે હોબાળો થયા બાદ મામલો બિચક્યો હતો.

આખરે રાજ્ય સરકારે સીબીઆઈને તપાસ સોંપી હતી. ઉંડી ચકાસણી બાદ આજે સીબીઆઈ કોર્ટે ૧૮ પોલીસને દોષીત ઠેરવ્યા હતા. સજાની જાહેરાત હવે કરવામાં આવશે. ઉત્તરાખંડ પોલીસના જવાનોને આજીવન કારાવાસની સજા કરાતા ખળભળાટ મચી ગયો હતો.

કોર્ટે સાત પોલીસ જવાનો ઉપર ૫૦-૫૦ હજાર રૂપિયાનો દંડ પણ લાદ્યો હતો. છ સબ ઈન્સપેક્ટરો સંતોષકુમાર જયસ્વાલ, ગોપાલ દત્ત ભટ્ટ, રાજેશ બીસત, નીતિનકુમાર, ચંદરમોહન અને કોન્સ્ટેબલ અજીતસિંહને હત્યાના મામલામાં દોષીત ઠેરવામાં આવ્યા હતા. કોર્ટે અન્ય ૧૦ પોલીસ જવાનોને ૨૦-૨૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.